જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૬/૨૦૧૮ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૨૨૩/૧૮

## ગેર કાયદેસર રીવોલ્વર/પીસ્ટલ નંગ – ૧૭ તથા કાર્ટીજ નંગ – ૧૫૩ સાથે કુલ કિં.રૂ.૨૫૪૬૫૦/- સાથે પાંચ ઇસમોને ઝડપી પાડતી સાયબર સેલ, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર.

અમદાવાદ શહેરમાં અગામી માસમાં નિકળનાર ભગવાન જગન્નાથજીની ૧૪૧ મી રથયાત્રા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જળવાઇ રહે અને શહેરમાં શાંતિ અને સલામતી રહે તે સારૂ અસામાજીક તત્વો અને ભાંગફોડીયા ઇસમો પર વૉચ રાખી ગેર કાયદેશર હથિયાર અને દારૂગોળાના કેસો શોધી કાઢવા અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓએ અમદાવાદ શહેરના તમામ તમામ પોલીસ સ્ટેશન તેમજ શાખાઓને આદેશ કરેલ હોય જે આદેશ અન્વયે અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના ખાસ પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ, નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ, અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડૉ.રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓએ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ અધિકારી/ માણસોને ગેર કાયદેસર હથિયારોની હેરાફેરી અને વેચાણ કરતા ઇસમો અંગે બાતમી મેળવી આવા ઇસમોને ઝડપી પાડવા સુચના કરતા ક્રાઇમ બ્રાન્ચના સાયબર સેલના પોલીસ ઇન્સ્પેકટર શ્રી વી.બી.બારડના માર્ગદર્શન હેઠળ તેઓના સ્ક્વૉડના પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી આર.કે.સોલંકી, પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એમ.એચ.શિણોલ, પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એસ.વી.ગળચર તથા સ્ક્વૉડના પોલીસ સ્ટાફના માણસો તા.૨૮.૦૬.૨૦૧૮ ના રોજ કૃષ્ણનગર નરોડા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મળેલ બાતમી આધારે સરદાર ચોકથી બાપા સિતારામ ચોક તરફ જતા આવેલ કેનાલ પાસેથી આરોપી (૧) સુરજ સુબેદારસીંગ ભદોરીયા, ઉ.વ.૨૬, રહે.ગામ- ચિલુંગા, થાના- સુરપરા, તા.અટેર, જી.ભીંડ, મધ્યપ્રદેશ તથા નં (૨) અર્જુન રાજેન્દ્રસિંગ પરીહાર(ઠાકુર), ઉ.વ.૧૯ રહે. સોન્દા, થાના- ગોહદ, તાલુકો- મહેગાંવ, જી- ભીન્ડ, મધ્યપ્રદેશ હાલ બંને રહે. રવિ એપાર્ટમેન્ટ, ચોથો માળ, શકિત ચોક, કુષ્ણનગર, નરોડા, અમદાવાદ શહેર નાઓના કબ્જામાંથી ગેર કાયદેસર દેશી બનાવટની પીસ્ટલ નંગ – ૬ તથા રીવૉલ્વર નંગ – ૨ તથા રીવૉલ્વર અને પીસ્ટલના કાર્ટેઝ નંગ – ૧૦૧ એમ કુલ રૂ.૧,૨૭,૧૫૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવેલ છે.

પકડાયેલ સુરજ ભદોરીયા તથા અર્જુન ઠાકુર (પરીહાર) ની પુછપરછ કરતાં તેઓના કબ્જામાંથી મળી આવેલ હથિયાર કાર્ટીઝ પૈકી કેટલાક હથિયાર અને કાર્ટીઝ મહેસાણા જીલ્લાના બહુચરાજીના દોલુભા ઝાલા તથા કાંકરેજ તાલુકાના જકુભા વાઘેલા અને નરભેસિંહ વાઘેલા નાઓને આપવાના હતા. તેમજ આ બંને ઇસમોએ આજથી પાંચ થી છ માસ પહેલાં અબ્બાસ સિકંદર જાખરા ઉવ.૨૩ તથા અસ્લમ સમશુદ્દિન જાખરા ઉવ.૧૯ રહે. બંને ગામ હરમડીયા તા.ગીર ગઢડા જીલ્લો ગીર સોમનાથ અને ઇમરાન S/O હનિફભાઇ ચાનીયા ઉવ.૩૩ રહે.શીવ સોસાયટી, મોરબી નઓને અગાઉ આવા

પ્રકારના હથિયાર તથા કાર્ટીઝ વેચાણ કરેલ હોય ઉપરોક્ત બંને જગ્યાએ પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી આર.કે.સોલંકી, પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એમ.એચ.શિણોલ, પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એસ.વી.ગળચર નાઓની ત્રણ અલગ અલગ ટીમો બનાવી આ બાબતે તપાસ કરવા મોકલી ઉપરોક્ત આરોપી અબ્બાસ જાખરા તથા અસ્લમ જાખરા  પાસેથી દેશી બનાવટની પીસ્ટલ નંગ – ૫, રીવોલ્વર નંગ – ૩, તથા કાર્ટીઝ નંગ – ૫૦ તથા આરોપી ઇમરાન ચાનીયા પાસેથી પીસ્ટલ નંગ – ૧, તથા કાર્ટીઝ નંગ – ૨, મળી કુલ રૂ.૧,૨૭,૬૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય ઇસમોને અટક કરવામાં આવેલ છે. આ બાબતે ઉપરોક્ત ૧૦ આરોપીઓ વિરૂદ્ધ ડી.સી.બી પો.સ્ટે સેકન્ડ ગુ.ર.નં.૩૦૪૬/૨૦૧૮ આર્મ્સ એકટ કલમ ૨૫(૧)બી,એ, ૨૯ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

પકડાયેલ આરોપીઓની પુછપરછ કરતાં આરોપી સુરજ ભદોરીયા અને અર્જુન પરીહાર પીસ્ટલ/રીવૉલ્વર તથા કાર્ટીઝ મધ્યપ્રદેશના ભીંડ અને સેંદવા જી.ઇન્દોર ખાતેથી ખરીદ કરી લાવી છેલ્લા છ એક માસથી ગુજરાતમાં વેચાણ કરતા હતા .

કબ્જે કરેલ મુદ્દામાલ :-  (૧) દેશી બનાવટ પીસ્ટલ નંગ – ૧૨  (૨) દેશી બનાવટની રીવૉલ્વર નંગ – ૫ (૩) કાર્ટીઝ નંગ – ૧૫૩ કુલ કિં.રૂ.૨,૫૪,૬૫૦/-

આરોપીઓનો ગુન્હાહિત ઇતિહાસ :-

(૧) સુરજ ભદોરીયા :- અગાઉ બે વખત ગેર કાયદેશર હથિયાર વેચાણ કરવાના ગુનામાં ભીંડ જીલ્લામાં મધ્યપ્રદેશ ખાતે પકડાયેલ છે અને ભીંડ જીલ્લામાં લુંટ ના કેસમાં વૉન્ટેડ છે. જેથી અમદાવાદ મેઘાણીનગર ખાતે તેના કુટુંબી કાકા ઉમેશ ભદોરીયા તથા નરોડા ખાતે તેના મિત્ર કમલને ત્યાં રહેતો હતો.

(૨) અર્જુન પરીહાર :- સુરજ ભદોરીયા તેનો મિત્ર હોય તેની સાથે ગેર કાયદેશર હથિયાર/કાર્ટીઝ વેચાણ કરવાની પ્રવૃત્તિમાં જોડાયેલ અને અગાઉ બે વખત હથિયાર ની ડિલીવરી ગીર ગઢડા ખાતે આપી આવેલ પરંતુ પકડાયેલ નથી.

(૩) ઇમરાન ચાનીયા :- મોરબી ખાતે રહે છે. અગાઉ મોરબી ખાતે સને – ૨૦૧૧ ના વર્ષમાં ડબલ મર્ડર કેસમાં અને મારા મારી તથા ઇંગ્લીસ દારૂની હેરાફેરીના કેસમાં પકડાયેલ છે.

(૪) અસ્લમ જાખરા (૫) અબ્બાસ જાખરા :- આ બંને કાકા બાપાના દિકરા ભાઇઓ થાય છે અને તેઓના પરીવારના સભ્યોએ ઉના ખાતે સને – ૨૦૧૨ ની સાલમાં મર્ડર કરેલ હોય જેના કારણે સામાવાળા સાથે અદાવત ચાલતી હોય ગે.હ.હથિયાર/કાર્ટીઝ ખરીદ કરેલ હતા.

આરોપી સુરજ ભદોરીયા અને અર્જુન પરીહારના કબ્જામાંથી મળી આવેલ પીસ્ટલ તથા રીવૉલ્વર તેમજ કાર્ટીઝ કોને વેચાણ કરવાના હતા અને અગાઉ કેટલા હથિયારો કોને-કોને વેચાણ કરેલ છે. તે બાબતે પુછપરછ તપાસ ચાલુ હોય અને ઉંડાણ પુર્વકની તપાસ માટે તમામ આરોપીના રીમાન્ડ લેવાની તજવીજ ચાલુ છે અને આ ગુનાની તપાસ પો.સબ. ઇન્સ.શ્રી એસ.વી.ગળચર નાઓ કરી રહેલ છે.

# <u>૧૧ વર્ષના ગુમ થયેલ બાળકને ગણતરીના કલાકોમાં શોધી કાઢતી</u>
# <u>અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ.</u>

અમદાવાદ શહેર, ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગઇ કાલ તા.૨૭/૦૬/૨૦૧૮ ના રોજ ૧૧ વર્ષનો બાળક ગુમ થયા બાબતે ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફસ્ટ ગુ.ર.નં.૭૭/૧૮ ઇપીકો કલમ ૩૬૩ મુજબ ગુનો દાખલ થયેલ હતો. જે ગુનાના કામે ગુમ થનાર બાળકને શોધી કાઢવા માટે અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ, સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓ તરફ થી સુચના કરેલ હોય. જેઓની સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓએ સ્કોડના પો.સબ.ઈન્સ. શ્રી જે.પી.રોજીયા તથા પો.સબ.ઇન્સ. શ્રી ડી.કે.ચૌધરી નાઓની અલગ-અલગ ટીમો બનાવી સ્ટાફના માણસો સાથે સદર ગુમ થયેલ બાળકની શોધખોળ તપાસ હાથ ધરેલ હતી.

અમદાવાદ શહેર, ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૭૭/૨૦૧૮ ઇપીકો ૩૬૩ મુજબના ગુનાના કામે ગુમ થનાર છોકરો તેના માતા પિતા આશરે છ વર્ષ પહેલા બીમારીના કારણે મરણ ગયેલ હોય, સદર ગુમ થનાર તેના ફોઇ તથા કુવા સાથે છેલ્લા પાંચ વર્ષથી રહેતો હતો અને ધોરણ-૫ માં અભ્યાસ કરતો હતો. ગઇ તા.૨૭/૦૬/૨૦૧૮ ના રોજ સવારમાં ગુમ થનાર પોતે સ્કુલ ખાતે ગયેલ અને સાંજના પરત ઘરે આવેલ ન હોય, તેના ફોઇ તથા કુવાએ સદર ગુમ થનારની તેના મિત્ર વર્ગમાં તથા સગા સબંધીઓ તેમજ આજુબાજુમાં તપાસ કરતા નહી મળી આવતા ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ઉપરોક્ત નંબરથી ગુનો દાખલ કરાવેલ હોય અને સદર ગુમ થનાર હાલમાં રઘુનાથ હાઇસ્કુલ સામે વિષ્ણુ એસ્ટેટ પાસે હોવાની બાતમી હકિકત સ્ટાફના હે.કો. હિતેન્દ્રસિંહ ખોડુભા તથા હે.કો. વિજયસિંહ અદેસિંહ નાઓને મળતા તુરત જ તેઓ ઉપરોકત જગ્યાએ જઇ તપાસ કરતા સદર ગુમ થનાર મળી આવતા સદરીને તા.૨૮/૦૬/૨૦૧૮ ના રોજ આગળની કાર્યવાહી માટે ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે સોપવામાં આવેલ છે.

**<u>રામોલ પોલીસ સ્ટેશન</u>**

## <u>સોશીયલ મીડીયામાં નાના બાળકોને ઉપાડી જવાની ગેંગ બાબતેના મેસેજ વાયરલ કરતા ઇસમને પકડી કાયદેસરની કાર્યવાહી કરતી રામોલ પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી આઇ ડિવીઝન નાઓએ હાલમાં સોશીયલ મીડીયામાં બાળકો ઉપાડી જવાની ગેંગના મેસેજ ફરતા થયેલ હોય જેથી આ બાબતે પો.સ્ટે વિસ્તારમાં કોઇ અનિચ્છનિય ઘટના ન બને તે સારૂ સુચના કરેલ હોય જેથી અમો સ્ટાફના માણસોની સાથે પો.સ્ટે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૯/૩૦ વાગે સુર્યમગ્રીન ત્રણ રસ્તા પાસે આવતા જાહેરમાં લોકોનુ ટોળુ ભેગુ થયેલ હોય અમોએ સ્ટાફના માણસો સાથે સદર જગ્યાએ જઇ તપાસ કરતા એક ઇસમ પોતાના હાથમાં રહેલ મોબાઇલ ફોનમાં કંઇ કરતો જણાયેલ જેથી તપાસ કરતા સદરી ઇસમ પોતાના મોબાઇલ ફોનમાં બાળકો ઉપાડી જવાની ગેંગનો મેસેજ જોતો હોય અને આ બાબતે સદરી ઇસમ કોઇ અફવા ફેલાવે તેવુ જણાઇ આવેલ હોય જેથી કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ અમોએ રસ્તે જતા બે પંચોના માણસોને બોલાવી પંચો રૂબરૂ સદરી ઇસમને રોકી લીધેલ તેનુ નામઠામ પુછતા <u>સુરેશભાઇ ભવરલાલ પ્રજાપતિ ઉવ.૨૮ રહે. મનં.૫ શીવમ રો હાઉસ મહાદેવ એવન્યુ સામે વસ્ત્રાલ અમદાવાદ શહેર</u> નાનો હોવાનુ જણાવેલ જે ઇસમે એક વોટસઅપ ગૃપમાં મેસેજ મોકલેલ હતો ત્યારબાદ લોકો દ્વારા જાણવા મળેલ કે અફવા ફેલાવવા ગુનો બને છે તેવુ જાણતા મે એ ગૃપ મારા વોટસઅમ માંથી ડીલીટ કરી નાખેલ હોય જેથી આ બાબતે <u>રામોલ પો.સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૩૧૪૯/૧૮ ધી ઇપીકો કલમ ૫૦૫(એ)</u> મુજબનો ગુનો દાખલ કરી આરોપીને તા.૨૮/૦૬/૧૮ ના કલાક ૨૦/૧૫ વાગે પકડી અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

**મેઘાણીનગર પોલીસ સ્ટેશન :**

**વાહન ચોરીઓના ગુનાઓનો ભેદ ઉકેલતી મેઘાણીનગર પોલીસ**

આજરોજ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી"ડીવીઝન નાઓની માર્ગદર્શન હેઠળ પોલીસ ઇંન્સપેકટર શ્રી એ.ડી.ગોહીલ તથા સેકન્ડ.પો.ઇન્સ. શ્રી કે.સી. રાઠવા સા નાઓની સુચના મુજબ મેઘાણીનગર પો.સ્ટે. ખાતે તથા સર્વે.સ્કવોડ ના પો.સ.ઇ. વી.એસ.સિંધવ તથા પો.સ.ઇ એસ.જે.દેસાઇ તથા હે..કો. હસમુખભાઇ જીતાભાઇ બ.નં- ૩૪૪૩ નાઓ તથા હે.કો રમેશકુમાર વશરામભાઇ બ.નં-૭૮૫૪ તથા પો.કો. મનોજસિંહ મુકુન્દસિંહ તથા પો.કો.પીયુષકુમાર નટવરલાલ બ.નં-૧૦૧૮૬ તથા પો.કો. પ્રકાશકુમાર ભીખાભાઇ બ.નં-૧૧૮૦૯ તથા પો.કો.વિષ્ણુભાઈ હિરાભાઈ બ.નં.-૧૩૧૮૩ તથા પો.કો.દિનકરકુમાર ભીખાભાઈ બ.નં.૩૦૪૨ તથા એલ.આર.તરંગકુમાર રમણભાઈ બ.નં.-૬૧૯ તથા એલ.આર.કિરણસિંહ ગોપાલસિંહ બ.નં.૧૨૪૩ એલ.આર.અરૂણસિંહ યશપાલસિંહ બ.નં.-૪૨૪૭ પોલીસ સ્ટેશન વિસ્તાર મા પેટ્રોલીંગ મા હતા દરમીયાન સાથેના હે..કો. હસમુખભાઇ જીતાભાઇ બ.નં- ૩૪૪૩ તથા હે.કો રમેશકુમાર વશરામભાઇ બ.નં-૭૮૫૪ સંયુક્ત બાતમી હકીકત આધારે મેઘાણીનગર પોલીસ સ્ટેશન જા.જોગ. નં - ૨૫/૨૦૧૮ સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબના કામના આરોપી નવનિતસિંગ ઉર્ફે લવલી મનજીતસિંહ છાબડા (પંજાબી) ઉ.વ.૨૨ રહે;- બ્લોક નં.ઈ/૧૧ મ.નં.-૨૦૪ તક્ષશિલા રેસીડેન્સી નરોડા કેનાલ સ્મશાન ગૃહની પાસે કુશ ઈન્ટરસીટીની સામે નરોડા અમદાવાદ શહેર નાને તા- ૨૯/૬/૨૦૧૮ ના કલાક ૧૪/૪૫ વાગે પકડી અટક કરેલ હોય અને જે આરોપીએ નરોડા પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં- ૧૯૦/૧૮ ઇપીકો ૩૭૯ મુજબના કામના બે મો.સા કિ.રૂ ૩૮.૦૦૦/- ની મત્તાના તથા સરદાર નગર પો.સ્ટે ફસ્ટ ગુના રજી.નં ૨૦૪/૧૮ ઇ.પીકો કલમ ૩૭૯ ના ગુનાની ચોરીએ ગયેલ મો.સા. કિ.રૂ ૨૫.૦૦૦/- ના મત્તાની જે કુલ્લે ૬૩.૦૦૦/- નો મુદ્દામાલ રીકવર કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**ઓઢવ પોલીસ સ્ટેશન**

**પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ.**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા.તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ"ડીવીજન અમદાવાદ શહેર.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ " જાહેર સલામતી અને વ્યવસ્થા " વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ તેમજ આગામી રથયાત્રા અનુસંધાને અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સપેક્ટરશ્રી.આર.જી.જાડેજા.નાઓએ "પ્રશાંત ઉર્ફે પપ્પુ સ/ઓ સુભાષભાઈ મરાઠી (અહુર) ઉવ.૩૪.રહે.લાલજી ફકીરની ચાલી વલ્લભનગરની સામે ઓઢવ અમદાવાદશહેર." નાનો "જાહેરવ્યવસ્થા " વિરૂદ્ધના કૃત્યો કરતો હોય જેની વિરૂદ્ધમાં (૧) ઓઢવ પો સ્ટેશન.પ્રોહી.ગુ.ર.નં-૫૫૨૨/૨૦૧૭ પ્રોહી કલમ.૬૬(બી),૬૫(ઈ),૮૧ મુજબ.તથા (૨) ઓઢવ પો સ્ટેશન.પ્રોહી ગુ.ર.નં-૫૨૭૮/૨૦૧૮.પ્રોહી કલમ.૬૬(બી),૬૫(ઈ),૮૧ મુજબના ગુના નોંધાયેલ હોય સદરી આરોપી વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી.અમદાવાદશહેર.નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ નં-PCB/DTN/PASA/510/18 તા.28/06/18 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીની સર્વેલંસ પો.સ.ઈ.એ.ડી.ભટ્ટ.તથા અ.હેડ.કોન્સ.અમરસિંહ રેવાભાઈ બનં-૩૯૪૧ તથા હે.કો.અજીતસિંહ માનસિંહ બનં-૭૯૧૨.તથા પો.કો.અજીતભાઈ ભીખાભાઈ બનં-૪૨૯૪.તથા પો.કો.કિપાલસિંહ રઘુવિરસિંહ બનં-૪૭૯૯.તથા પો.કો.સંદિપકુમાર જયંતિલાલ બનં-૧૦૧૬૩. તેમજ અન્ય સ્ટાફના માણસો વોચમાં હાજર રહી મળી આવતા પકડી લઈ તા.૨૮/૦૬/૧૮ ના કલાક.૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.તા.૨૮/૦૬/૧૮.

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

"સરખેજ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "સરખેજ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.







નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.